જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૬૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૨ લીટર દેશી દારૂ, ૨૬૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૩૭ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૨ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૨૩,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૬૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૬૮/૧૬

**ક્રાઈમ બ્રાન્ચઃ** વિધ્યાનંદ જગદીશપ્રસાદ ઘોષ (ઉ.વ.૬૨) (રહે.કૃપાલ-૧,ચંદનેશ્વર મહાદેવ મંદીરની પાસે, કેશવનગર, સુભાષબ્રિજ) એ તા.૨૨/૧૨/૧૬ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૮૦૮૬૬૧૪૧૪ ના ધારકે વિધ્યાનંદ ઘોષના મોબાઈલ ઉપર ફોન કરી બેન્કના મેનેજર તરીકેની ઓળખ આપી એટીએમ નંબર જાણી લઈ વિધ્યાનંદ ઘોષના એકાઉન્ટમાંથી રૂપિયા ૩,૯૯૮૦/- ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**વેજલપુરઃ** ફરીદાબહેન વા/ઓ અબ્દુલકાદર શેખ (રહે. રોનક પાર્ક ૧૩૨ ફુટ રોડ જુહાપુરા) એ તા.૨૨/૧૨/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૨/૧૬ બપોરના ૩/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતા આરોપી (૧) રહેમતબહેન ઘાંચી અને (૨) એક અજાણી સ્ત્રી (ઉ.વ.૨૫) (જેના નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી લેવાની છે અને તમારી સહીની જરૂર છે તેમ કહી વિશ્વાસમાં લઇ રોનક પાર્ક સોસાયટી સરસપુર જી.સી.એસ.હોસ્પિટલ આવવુ પડે તેમ છે કહી ઓટોરિક્ષામાં જતા હતા ત્યારે રસ્તામાં બેન્કની ભીડ છે તમારી સોનાની બંગડી ચોરાઈ જશે તેમ કહી ફરીદાબહેનની પહેરેલ સોનાની બંગડી નંગ-૪ રૂપિયા ૧,૦૦,૦૦૦/- કઢાવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ વેજલપુર પોલીસ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગોમતીપુરઃ** સુધબહેન રાજેન્દ્રભાઇ સરદારે (ઉ.વ.૫૭) (રહે. દામોદરની ચાલી હિન્દી સ્કુલની બાજુમા રખિયાલ) એ તા.૨૨/૧૨/૧૬ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૧૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે મિલન સિનેમા સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યો પુરૂષ સુધબહેન નજીક આવ્યો હતો અને વાતચીત કરવા લાગ્યો હતો દરમ્યાન બીજો તેનો મળતીયો પુરૂષ આવ્યો હતો. બન્ને જણાએ લોભામણી વાતો કરી સુધબહેનની સોનાની બંગડી કઢાવી લઈ રૂમાલમાં બાંધી દીધી હતી. ત્યારબાદ રૂમાલ બાંધેલ પડીકુ આપી કહેલ કે આ પડીકામાં એક લાખ રૂપિયા છે તમે રાખો હુ નાસ્તો કરાવીને આવુ પછી અડધા-અડધા વહેચી લઈશુ તેમ કહી સુર્યલોકના છાપરાં નજીક બેસાડી સુધબહેનની સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- લઈ છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.જાદવ ચલાવે છે.

**વેજલપુરઃ** અર્પિતાબહેન વા/ઓ મોહંમદ અશ્ફાકખાન પઠાણ (રહે. હીના એવન્યુ ગ્રીન બંગ્લાની સામે મહાબલી ગેટની પાછળ વડોદરા) એ તા.૨૨/૧૨/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૩/૨૦૧૧ થી તા.૨૭/૭/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ડો.રૂકશાનાબહેન કાદરી (રહે. હરિવંશ એપાર્ટમેન્ટ મુસ્લીમ સોસાયટી નવરંગપુરા) (૨) નસીરૂદીન જહાન બક્ષ શેખ (રહે. એમ સ્કેવર એપાર્ટમેન્ટ મુસ્લીમ સોસાયટી નવરંગપુરા) (૩) એઝાઝ મોહમદ હુસેન પુઠાવાલા (રહે. રાજનગર ફ્લેટ પાલડી) એ ભેગા મળી જુહાપુરા સરખેજ રોડ ગાંધી રેસીડેન્સી સ્કીમ ખાતે પાવર ઓફ એટર્ની નો દુર ઉપયોગ કરી પેઢીના નાણાં બેંન્કના ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરી પેઢીના નીકળતા રૂપિયા ૯,૪૯,૨૪,૯૦૦/- ઉચાપત કરી અર્પિતાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૬૯/૧૬</u>**

**વાડજઃ** શંકરભાઈ રામેશ્વર રાજગોર (રહે. ગામ-વડાલી તાલુકો-વડાલી જીલ્લો-સાબરકાંઠા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે અખબારનગર સર્કલથી શટલ ઓટોરિક્ષામાં બેસી નવાવાડજ પ્રબોધ રાવલ બ્રીજ નજીક ઉતર્યા હતા. મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક અને બીજા ચાર અજાણ્યા ઈસમોએ શંકરભાઈની નજર ચુકવી શંકરભાઈના પેન્ટનુ ખીસ્સુ કાપી ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- અને સોનાનુ મંગળસુત્ર મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતા સાથેના પર્સની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઈ અભાભાઈ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** ડૉ.સુભાષ હીરજીભાઇ જોષી (રહે. સેકટર-૮/બી ગાંધીનગર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૧૬ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન આંબલી બોપલ રોડ હોટલ પ્લેનેટ લેન્ડમાર્ક આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાં મુકેલ બેગમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડા રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- મતા તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભાવેશભાઈ ગીરીશભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)